# કૃષિ સંશોધન કેન્દ્ર અને કૃષિ મહાવિદ્યાલય, જબુગામ ખાતે શ્રી આદિવાસી માધ્યમિક શાળા, ભેસાવહીના વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી

કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી જબુગામ ખાતે તારીખ ૭ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ શ્રી આદિવાસી માધ્યમિક શાળા, ભેસાવહી, પાવીજેતપુરના ધોરણ ૯ માં વર્ષના કુલ ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ પ્રેરણા પ્રવાસ અંતર્ગત કૃષિ મહાવિદ્યાલય અને કૃષિ સંશોધન કેન્દ્ર, જબુગામ ની મુલાકાત લીધી હતી. જેમાં ડૉ. સંજય એન. મકવાણાએ આવેલા વિદ્યાર્થીઓને કેન્દ્રના ફાર્મ ખાતે ચાલતી વિવિધ સંશોધન અને ખેડુત ઉપયોગી કાર્યો વિષે માહિતગાર કર્યા હતા. ડૉ. વિપુલ એન. રૈયાણીએ કેળની આધુનક ખેતી પદ્ધતિ વિષેની માહિતી આપી તેમજ ફાર્મ ખાતે હાલમાં કાર્યરત પ્રાકૃતિક ખેતીના અખતરાની માહિતી અને તેના વિવિધ આયામો બનાવવાની રીત શીખવી હતી. ડૉ. ભૂમિ વિરડીયાએ  વિદ્યાર્થીઓને પાક સંવર્ધન અને જનીનવિદ્યા વિભાગ ની લેબના સાધનો વિષે માહિતગાર કર્યા અને પાકોના બિયારણ અને તેના ઉત્પાદન વિશેની સમજ આપી હતી.

મુલાકાતનાં અંતે વિદ્યાર્થીઓએ શ્રી આદિવાસી માધ્યમિક શાળા, ભેસાવહી તરફથી કૃષિ સંશોધન કેન્દ્ર અને કૃષિ મહાવિદ્યાલય, જબુગામનાં આચાર્યશ્રી અને યુનિટ વડા તેમજ અન્ય તમામ સ્ટાફ મિત્રોનો અભાર વ્યક્ત કર્યો હતો.


COLLEGE OF AGRICULTURE
ANAND AGRICULTURAL UNIVERSITY
3. Eklavya Boys' Hostel
5. Crop Cafeteria
6. Play Ground
7. Agricultural Research Station
8. Godowns/ Farm Implements Shed
9. Threshing Yard
10. Principal Residence
11. Old Staff Quarters
12. New Staff Quarters
13. Labour Quarters
14. Agro - Meteorological Observatory
RESEARCH/SEED FARM






AAU
Agricultural Research Station
&
Training Centre
ANAND AGRICULTURAL UNIVERSITY
JABUGAM - 391 155, Ta.: Bodeli, Dist.: Chhotaudepur